દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

# જ્ઞાનવૃદ્ધિ

DATE : 14-MAY-2020
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

## ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 4, VOLUME : 1, ISSUE : 123.

## તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

## ગુરૂ સંદેશ

### ...તો બુદ્ધિ સારી રહે.

*બહારનું ખાવામાં નિયમ લોપાય.*
*બનાવનારે પાણી ગાળ્યું ન હોય, બરાબર સાફસૂફી કરી ન હોય, કેટલાંય જીવજંતુઓ કચડાઈ મૂઆં હોય.*
*બધી જ હલ્કી વસ્તુઓનો ઉપયોગ કર્યો હોય, ભેળસેળ હોય, રાંધનારો ચોખ્ખો ન હોય.*
*વળી ડ્રગ્સ જેવી વસ્તુ નાખી દે તો રોગ થાય ને વ્યસન થાય એ મોટો રોગ. એ વ્યસન ચોંટી જાય.*
*એવું બધું ખાઈએ તો શરીર બગડે, મન બગડે, પૈસા બગડે ને ભગવાન રાજી ન થાય. ને ભગવાનની આજ્ઞા પણ નથી.*
*આપણે તો જે ખાવું હોય તે ઘરે જ બનાવવું.*
*ભગવાનને થાળ થાય. એ પ્રસાદી જમીએ તો આપણી બુદ્ધિ સારી રહે. મંદિરે જવાનું, સત્સંગ કરવાનું મન થાય. મન સારું રહે, શરીર સારું રહે,*
*આખું જીવન સારું રહે. દુઃખ જ ન આવે.*

*- પ.પૂ.બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.*

www.
rupiyakamao
.com માં આવેલ
e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.
આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.
ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

કોરોના વાયરસ તમારા ઘરમાં ઘૂસી ના જાય તે માટે...

## માસ્ક પહેર્યા વિના બહાર ન નીકળવુ
## સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ
## વારંવાર સાબુથી હાથ ધોવા

એ ત્રણ સંકલ્પ લેવા અપીલ...

### 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.

www.gyanvrudhi.info

પાના નં. ૪ પર

**કોવિડ-૧૯ કોરોના વાયરસની મહામારીની સ્થિતી બાદ રાજ્યમાં આર્થિક ગતિવિધિઓ-ઊદ્યોગ-વેપાર-ધંધા-રોજગાર સહિતના ક્ષેત્રોના પૂર્નનિર્માણ-પૂર્નગઠનની ભલામણો સૂચવવા ઉચ્ચસ્તરીય સમિતીની રચના**

વધુ વાંચો પાના નં : ૪ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૪ પર

**ચિત્ર, નિબંધ અને કાવ્યલેખન સ્પર્ધા માટે પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી કુલ ૨,૦૯,૨૭૯ કૃતિઓ મળી**

વધુ વાંચો પાના નં : ૪ પર...

પાના નં. ૪ પર

**'સેવા માટે તો હું હોમગાર્ડમાં ભરતી થઇ છું અને આવા કપરા સમયમાં સેવા ન આપું તો કેમ ચાલે?**

વધુ વાંચો પાના નં : ૪ પર...

### જ્ઞાનવૃદ્ધિ

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે

પાના નં. ૨ પર

**ભારતના એવોર્ડ**

વધુ વાંચો પાના નં : ૨ પર...

**ખાદ્ય પદાર્થની સાચવણી : Part-3**

**પુસ્તક અને તેનાં લેખક**

વધુ વાંચો પાના નં : ૨ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૨ પર

**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.**

વધુ વાંચો પાના નં : ૨ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૩ પર

**'આત્મનિર્ભર ભારત' પેકેજ નાના-મધ્યમ ઉદ્યોગો અને રોજગારી માટે આશીર્વાદરૂપ બની રહેશે : ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ**

વધુ વાંચો પાના નં : ૩ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૩ પર

**હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.**

વધુ વાંચો પાના નં : ૩ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૩ પર

**COVID-19 ને ફેલાતો અટકાવવા 'MEN'થી દૂર રહો અને 'WOMEN'ને અનુસરો - ડો. આર.કે. પટેલ, જાણીતા કાર્ડિયોલોજિસ્ટ**

વધુ વાંચો પાના નં : ૩ પર...

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

# અભિનેતા બની લોકોના
# દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

## જ્ઞાનવૃદ્ધિ એટલે...

**જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ**

આ સામયિક વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જયારે જયારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

**જાહેરાત માટે સંપર્ક : 8306781161**

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**


# ભારતના એવોર્ડ

♦ ભારતરત્ન એવોર્ડ :

ભારત સરકાર તરફથી સૌથી મોટો એવોર્ડ. શરૂઆત - ઈ.સ. ૧૯૫૪ થી.
પ્રથમ - ૧) ચક્રવર્તી રાજગોપાલચારી. ૨) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન. ૩) ડૉ. ચંદ્રશેખર વ્યંકટ રામન.

- ગુજરાતી (ભારતરત્ન મેળવનાર).- મોરારજી દેસાઈ - ૧૯૯૧.- સરદાર વલ્લભભાઈ પટેલ - ૧૯૯૧.- ગુલઝારીલાલ નંદા - ૧૯૯૭.

♦ જ્ઞાનપીઠ એવોર્ડ :

ઈ.સ. ૧૯૬૫ થી શાંતિપ્રસાદ જૈનની યાદમાં દર વર્ષે શ્રેષ્ઠ સાહિત્યકારને આપવામાં આવે છે. આ એવોર્ડમાં ૧૧ લાખ રૂપિયા અને સરસ્વતીની કાંસાની પ્રતિમા અને પ્રશસ્તીપત્ર આપવામાં આવે છે.

-એવોર્ડ મેળવનાર ગુજરાતીઓ.
૧૯૬૭ - ઉમાશંકર જોશી - નિશિથ - કાવ્ય સંગ્રહ
૧૯૮૫ - પન્નાલાલ પટેલ - માનવીની ભવાઈ - નવલકથા
૨૦૦૧ - રાજેન્દ્ર શાહ - ધ્વનિ - કાવ્યસંગ્રહ.
રઘુવીર ચૌધરી - અમૃતા - નવલકથા.

♦ દાદાસાહેબ ફાળકે એવોર્ડ.

ફિલ્મ ઉદ્યોગના પિતા દાદાસાહેબ ફાળકેની યાદમાં આપવામાં આવે છે. ભારતીય ફિલ્મ ક્ષેત્રે અસાધારણ અને અમૂલ્ય કામગીરી બજાવનાર વ્યક્તિને દર વર્ષે આપવામાં આવે છે. આ એવોર્ડમાં ૧ લાખ રૂપિયા અને સુવર્ણકમળ આપવામાં આવે છે.

પ્રથમ એવોર્ડ - દેવીકરાની રોરિચ.

♦ પદ્મ પુરસ્કાર.

★ પદ્મ વિભૂષણ. ★ પદ્મ ભૂષણ. ★ પદ્મ શ્રી.

કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ અને વિશિષ્ટ કામગીરી કરનારને આપવમાં આવે. સરકારી કર્મચારીઓને પણ આપવામાં આવે.

♦ સંરક્ષણ દળોમાં આપવામાં આવતા મેડલ.

★ પરમવીર ચક્ર. ★ મહાવીર ચક્ર. ★ વીર ચક્ર.

♦ અર્જુન એવોર્ડ : રમતગમત ક્ષેત્ર શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીને.

♦ રાજીવગાંધી ખેલરત્ન : જુદી જુદી રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીને. રમતગમત ક્ષેત્રે ભારતનો સર્વોચ્ચ એવોર્ડ.

♦ દ્રોણાચાર્ય એવોર્ડ : રમતના શ્રેષ્ઠ કોચને આ એવોર્ડ આપવામાં આવે છે.

- બેડમિન્ટન પુલેલા ગોપીચંદ ખેલાડી અને કોચ તરીકે શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ રાજીવગાંધી ખેલરત્ન, અર્જુન એવોર્ડ અને દ્રોણાચાર્ય એવોર્ડ આમ ત્રણેય એવોર્ડ મેળવનાર એક માત્ર વ્યક્તિ.

♦ બોર્લોગ એવોર્ડ : કૃષિક્ષેત્રે અપાતો શ્રેષ્ઠ એવોર્ડ.

- કોરોમંડલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ. તરફથી કૃષિ વૈજ્ઞાનિકને આ એવોર્ડ અપાય છે.

♦ શાંતિસ્વરૂપ ભટનાગર એવોર્ડ : વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વની કામગીરી કરનારને આ એવોર્ડ આપવામાં આવે છે.

♦ આર્યભટ્ટ એવોર્ડ : વિજ્ઞાન ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી બદલ.

♦ વિક્રમ સારાભાઈ એવોર્ડ : હરિ ૐ આશ્રમ પ્રેરિત. અવકાશી સંશોધન ક્ષેત્રે મહત્વનું યોગદાન આપનારને આ એવોર્ડ આપવામાં આવે છે.

♦ ધન્વંતરિ એવોર્ડ :તબીબી ક્ષેત્રે મહત્વની કામગીરી કરનારને આ એવોર્ડ આપવામાં આવે છે.

♦ ચમેલીદેવી પુરસ્કાર : પત્રકારત્વક્ષેત્રે યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવે છે.

**વધુ આવતા અંકે...**

# ખાદ્ય પદાર્થની સાચવણી : Part-3

**ગતાંકથી આગળ...**

### ડબ્બા કે બરણીમાં ભરવું

ડબ્બામાં ભરવાની પ્રક્રિયામાં ગુણવત્તાના અભાવને કારણે પાણીનો પ્રવેશ કે સૂક્ષ્મજંતુઓ રહી જાય તેવું પણ બની શકે છે. વિઘટનની આવી નિષ્ફળતાને ઝડપીથી શોધી શકાય છે કારણ કે વિઘટનથી ડબ્બામાં વાયુનું નિર્માણ થાય છે અને ડબ્બો ફૂલી કે કે ફાટી જાય છે. જોકે, ડબ્બામાં બંધ ખોરાકમાં દૂષિતતાને છૂટ આપતા ખરાબ ઉત્પાદન (પ્રક્રિયા દરમિયાન) અને ખરાબ આરોગ્યના કેટલાક ઉદાહરણોમાં ખોરાક એનારોબ ક્લોસ્ટ્રીડિયમ બોટુલિનમ ની અસર હેઠળ, તીવ્ર ઝેર ઉત્પન્ન થાય છે, જે કેટલીક બિમારી કે મૃત્યુ તરફ દોરી જાય છે. આ જીવતંત્ર કોઈ પણ પ્રકારનો વાયુ કે કોઈ ખાસ સ્વાદ પેદા નથી કરતો અને તેને સ્વાદ કે ગંધ દ્વારા શોધવો અશક્ય છે. જોકે રાંધવાથી તેના વિષ નકામું બની જાય છે. રાંધેલા મસરૂમો, ખરાબ પરિસ્થિતિમાં રાખી અને ત્યારબાદ તેને ડબ્બામાં બંધ કરવાથી, તે સ્ટેફીલોકોકસ ઓરીયસની વૃદ્ધિમાં સહાય કરે છે, જે એક વિષનું ઉત્પાદન કરે છે અને તેનો ડબ્બામાં બંધ કરવાથી કે ફરીથી ગરમ કરવાથી પણ આ વિષનો નાશ નથી કરી શકાતો.

### જેલીંગ

ખોરાકને એક પદાર્થમાં રાંધીને તેને મુરબ્બાની જેમ ઘટ્ટ બનાવીને પણ સાચવી શકાય છે. આવા પદાર્થોમાં જેલેટીન, અગર, મકાઈનો લોટ અને આરારૂટના લોટનો ઉપયોગ થાય છે. બામ માછલીઓ અને તેના બચ્ચાઓ અને સીપન્કીલ્ડ જેવા આહારને જ્યારે રાંધવામાં આવે છે ત્યારે તેમના પ્રાકૃતિક સ્વરૂપવાળી પ્રોટીન જેલથી તેમનો સ્વાદ વધે છે આથી જ આ આહાર પીપલ્સ રીપબ્લિક ઓફ ચીનના ફુજિયાન પ્રાન્તના ઝિંયામેન શહેરની એક સ્વાદિષ્ટ વાનગી છે. લંડનના પૂર્વ ભાગમાં જેલ્ડ બીમમાછલીઓને એક સ્વાદિષ્ટ વાનગી ગણાય છે અને તેને છૂંદેલા બટાકાની સાથે ખાવામાં આવે છે. એસ્પીકમાં માંસના જાડા રસ, (જીલેટીન અને માંસના સૂપથી સ્વચ્છ કરેલી એક જેલ) ૧૯૫૦ની સાલ સુધી યુકે (દ્ર)માં માંસને પીરસવાની એક સામાન્ય રીત હતી. ઘણા માંસોને પણ આવી રીતે જેલીથી ઘટ્ટ કરવામાં આવતા હતા.

ફળોને જેલીથી સાચવવાની રીતને પણ જેલી, મુરબ્બો કે ફળોની જાળવણી તરીકે ઓળખવામાં આવે છે. આ વિષયમાં, સામાન્યરીતે પેક્ટિન જેલીંગનો ઘટક હોય છે, જેને રાંધતી વખતે કે પ્રાકૃતિકરીતે ફળને ઉગાડતી વખતે તેનામાં ઉમેરવામાં આવે છે. સૌથી વધુ સાચવણી માંગતા ફળને બરણીમાં ખાંડ નાંખીને પણ રાખવામાં આવે છે. ગરમ કરવું, પેકેજીંગ, એસિડ અને ખાંડ સંરક્ષણ પૂરું પાડે છે.

### વાસણમાં ભરવું (પોટીંગ)

માંસની જાળવણી (ખાસ કરીને ઝીંગા)ની પારંપરિક બ્રિટિશ રીત મુજબ માંસને એક પાત્રમાં ભરી તેને ચરબીના થરથી સજ્જડ બંધ કરવામાં આવે છે. પાટેની સરખામણીમાં પાત્રમાં ભરેલ મરઘીનું યકૃત પણ સામાન્ય છે.

### બરણીમાં ભરવું

બરણીમાં પણ માંસની જાણવણી કરી શકાય છે, આ પ્રક્રિયામાં માંસને બાફીને (મોટેભાગે ગેમ કે માછલીને) માટીની બરણી કે કેસેરોલમાં મૂકી ઢાંકવામાં આવે છે. મોટેભાગે પ્રાણીના ટુકડા કરીને, તેને ખારા પાણી કે રસામાં બાફીને સજ્જડ બંધ બરણીમાં મૂકવામાં આવે છે. રેડ

**વધુ આવતા અંકે...**

# પુસ્તક અને તેનાં લેખક

| | | |
|---|---|---|
| ★ સૌરાષ્ટ્ર ની રસધાર | - | ઝવેરચંદ મેઘાણી |
| ★ સત્ય ની શોધ માં | - | ઝવેરચંદ મેઘાણી |
| ★ સોરઠી બહારવટિયાઓ | - | ઝવેરચંદ મેઘાણી |
| ★ માણસઈ ના દીવા | - | ઝવેરચંદ મેઘાણી. |
| ★ અપરાધી | - | ઝવેરચંદ મેઘાણી. |
| ★ ઓથાર | - | અશ્વિની ભટ્ટ |
| ★ અંગાર | - | અશ્વિની ભટ્ટ |
| ★ આખેટ | - | અશ્વિની ભટ્ટ |
| ★ ફાંસલો | - | અશ્વિની ભટ્ટ |
| ★ કસબ | - | અશ્વિની ભટ્ટ |
| ★ કરામત | - | અશ્વિની ભટ્ટ |
| ★ કમઠાણ | - | અશ્વિની ભટ્ટ |
| ★ અર્ધી રાતે આઝાદી | - | અશ્વિની ભટ્ટ |
| ★ પ્રીત કિયે સુખ હોય | - | જય વસાવડા |
| ★ યુવા હવા | - | જય વસાવડા |
| ★ સાહિત્ય અને સિનેમા | - | જય વસાવડા |
| ★ માહિતી નો મહાસાગર | - | જય વસાવડા |
| ★ નોલેજ નગરીયા | - | જય વસાવડા |
| ★ જય હો | - | જય વસાવડા |
| ★ સાયન્સ સમંદર | - | જય વસાવડા |
| ★ જી.કે. જંગલ | - | જય વસાવડા |
| ★ પીળા રૂમાલ ની ગાંઠ | - | હરકિશન મહેતા |
| ★ મુક્તિબંધન | - | હરકિશન મહેતા |
| ★ સત્ય ના પ્રયોગો | - | ગાંધીજી |
| ★ મારી આત્મકથા | - | મહાત્મા ગાંધીજી |
| ★ કન્યાને પત્રો | - | ગાંધીજી |
| ★ અર્ધી સદી ની વાંચન યાત્રા | - | મહેન્દ્ર મેઘાણી |
| ★ સળગતાં સૂરજમુખી | - | મહેન્દ્ર મેઘાણી |
| ★ વાંચન યાત્રાનો પ્રસાદ | - | મહેન્દ્ર મેઘાણી |

'કોરોના તોફાની બાળક જેવો છે, તેને અત્યંત સાવધાનીપૂર્વક કાબૂમાં લેવો પડશે'

## COVID-19ને ફેલાતો અટકાવવા 'MEN'થી દૂર રહો અને 'WOMEN'ને અનુસરો - ડો. આર.કે. પટેલ, જાણીતા કાર્ડિયોલોજિસ્ટ

રાજ્ય સરકાર સંચાલિત યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટરના માનદ નિયામક અને નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. આર.કે. પટેલ જણાવે છે કે, કોરોના એ તોફાની બાળક જેવો છે, તેને કાબૂમાં લેવા માટે અત્યંત સાવચેતીપૂર્વક વર્તવું પડશે. કોરોનાથી કે તેની સારવાર કરાવવાથી ડરવાની જરૂર નથી. તેઓ કોરોના સંક્રમણને અટકાવવા માટે સાત પગલાંની સરળ થિયરી આપે છે. આ માટેની ટિપ્સ આપતા તેઓ **MEN** અને **WOMEN** એવા ટૂંકાક્ષરોનો ઉપયોગ કરીને જણાવે છે કે **MEN**થી દૂર રહો એટલે કે, મોંઢા – **Mouth**, આંખો-**Eyes** અને નાક – **Nose**ને વારંવાર સ્પર્શવાનું ટાળો અને **WOMEN**ને અનુસરો એટલે કે, વારંવાર હાથ ધોવા, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન, માસ્ક પહેરવું, નિયમિત એક્સરસાઈઝ અને નકારાત્મકતાનો ત્યાગ કરવા જણાવે છે.

સામાન્ય નાગરિકોમાં કોરોના અંગે હજી પણ પ્રવર્તી રહેલી અસમંજસ અને ગૂંચવણ અંગે ડૉ. પટેલ જણાવે છે કે, 'આજની સોશિયલ મીડિયાની દુનિયામાં આપણી પાસે કોરોનાને લગતી અઢળક માહિતી આવતી હોય છે, જેમાંથી સાચું શું અને ખોટું શું? એ બાબતે આપણે હંમેશાં ગૂંચવણમાં હોઈએ છીએ.' ત્યારે કોરોના અંગે માહિતી આપતા તેઓ કહે છે કે, '**COVID-19** હવે બે મહિનાથી વધુ જૂનો થયો છે. તાવ, શરદી, સૂકી ઉધરસ, શરીરમાં થાક કે સામાન્ય દુખાવો, માથું દુખવું, સ્વાદ અને સુગંધનો અનુભવ ન થવો, શ્વાસ લેવામાં તકલીફ કે ઝાડા-ઉલટી જેવાં સામાન્ય લક્ષણો ઉપરાંત અનેક કિસ્સામાં કોઈ લક્ષણ ન દેખાય એવું પણ બને છે.'

તેમણે જણાવ્યું કે, **COVID-19**એ તોફાની બાળક જેવો છે. જેમ ઘરના તોફાનીને આપણે અત્યંત સાવચેતીપૂર્વક કાબૂ કરીએ છીએ, એ જ રીતે આ વાઈરસને કાબૂમાં કરવા માટે પણ ખૂબ સાવચેતી રાખવી પડશે. કેવા પ્રકારની સાવચેતી રાખવી? તેનું ઉદાહરણ આપતા ડૉ. પટેલ જણાવે છે કે, ઘરમાં કે આસપડોશમાં કોઈને પણ જરા સરખા પણ **COVID-19**ના લક્ષણો હોવાનું જણાય, તો તરત તેને હોસ્પિટલે જવાની સલાહ આપવી જોઈએ. આજના સમયની આ જરૂરિયાત છે. આ જ માનવતાનું સૌથી મોટું ઉદાહરણ છે. કોરોનાથી ડરવાની કોઈ જરૂર નથી. જો આપણે તેનાથી ડરીને રહીશું, તો આ મહામારીને ખતમ કરવી વધારે મુશ્કેલ બની જશે.

ડૉ. આર.કે. પટેલ જણાવે છે કે, આ વાઈરસનો ઉપાય જ્યાં સુધી ન શોધાય, ત્યાં સુધી તેને નાથવો શક્ય નથી. એટલા માટે આપણે તેની સાથે જીવતાં શીખવું પડશે અને આ માટે સાવધાની એ જ એકમાત્ર ઉપાય છે.

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે

કોરોના મહામારી સામે વડાપ્રધાનશ્રી દ્વારા જાહેર કરાયેલા

## 'આત્મનિર્ભર ભારત' પેકેજ નાના-મધ્યમ ઉદ્યોગો અને રોજગારી માટે આશીર્વાદરૂપ બની રહેશે : ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ

- ★ **MSME** સહિતના ઉદ્યોગો માટે ત્રણ લાખ કરોડનું ધિરાણ કરાશે : આવા ઉદ્યોગોને ગીરોખત કે જામીન આપવાના રહેશે નહીં
- ★ ચાર વર્ષ સુધી ધિરાણમાં પ્રથમ વર્ષે એકેય પૈસો આપવો નહીં પડે : પછીના વર્ષથી હપ્તા દ્વારા ધિરાણની રકમ ભરવાની રહેશે
- ★ ૨૦૦ કરોડ સુધીના સરકારી ટેન્ડરોની શરતોમાં સુધારા કરાશે : સ્થાનીય એજન્સીઓને વિશેષ લાભ થશેઃ 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા'ની દિશાને સમર્થન આપતું નક્કર કદમ

ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, કોરોનાની મહામારી સામે દેશભરમાં ઉદ્યોગો પુનઃ સ્થાપિત થાય અને રોજગારીની તકોનું વ્યાપક નિર્માણ થાય તે માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાહેર કરાયેલ આત્મનિર્ભર ભારત પેકેજ લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો (એમ.એસ.એમ.ઈ) માટે પ્રોત્સાહક નીવડશે.

મંત્રીશ્રી પટેલે વડાપ્રધાન શ્રી નો આભાર માનતા કહ્યું કે દેશભરમાં સૌથી વધુ એમએસએમઈ એકમો ગુજરાત રાજ્યમાં છે ત્યારે આ પેકેજ દ્વારા આવા ઉદ્યોગગૃહોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરાયો છે તે ખુબ જ સરાહનીય છે. કોરોના મહામારીની પ્રવર્તમાન સ્થિતિમાં ઉદ્યોગ ક્ષેત્રમાં સવિશેષ ચિંતા પ્રવૃત્તિ પ્રવર્તી છે. વેપારીઓને વેપાર ઉદ્યોગ શરૂ કરવા, રૂપિયા લાવવા તથા બેંકમાંથી ધિરાણ મેળવવા સહિતના વિષયો પર ચિંતા હતી ત્યારે જાહેર કરાયેલા આ વિશેષ પેકેજને પરિણામે નાના અને મધ્યમ વર્ગના વેપારી - ઉદ્યોગકારોને આ તમામ પ્રશ્નોનું સમાધાન થઈ ગયું છે. રાજ્યમાં કાર્યરત મોટાભાગના એમએસએમઈ એકમો સહિતના ઉદ્યોગો પૂર્વવત્ થવામાં ચોક્કસ મદદરૂપ થશે.

તેમણે ઉમેર્યું કે, દેશમાં તથા ગુજરાતમાં ફેક્ટરીઓ તથા એમએસએમઈ એકમો કે જે માર્ચ મહિનાથી બંધ હતી, તેઓને ડર હતો કે ફરીથી શરૂ કેવી રીતે કરીશું. તે દિશામાં કેન્દ્ર સરકારે જે અભિગમ અપનાવ્યો છે તેના થકી રોજગારીનું પ્રમાણ વધશે અને આવા એકમો ફરી બેઠા હશે.

તેમણે ઉમેર્યું કે, એમએસએમઈ એકમો સહિતના ઉદ્યોગોને રૂ.૩ લાખ કરોડનું ધિરાણ બેન્કો દ્વારા અપાશે. તે માટે એકમોને ગીરોખત કે જામીન આપવા પડશે નહિ. આ પેકેજને કારણે હવે ૪૫ લાખ એમ.એસ.એમ.ઈ યુનીટોને ત્રણ લાખ કરોડની લોન માટે ક્રેડિટ ગેરંટી કેન્દ્ર સરકાર આપશે. એમ.એસ.એમ.ઈ સેક્ટરની ડેફીનેશનમાં પણ સુધારો કરી વધુ સરળ બનાવી છે, જેથી આ પેકેજ ગૃહ ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ માટે ફાયદારૂપ સાબિત થશે.

તેમણે ઉમેર્યું કે, એમએસએમઈ એકમોને જે ધિરાણ ચાર વર્ષ સુધી મળે છે એમાં પ્રથમ વર્ષમાં એક પણ પૈસા આપવાનો પડશે નહિ. ત્યારબાદ હપ્તાથી ધિરાણ પરત કરવાનું રહેશે. એ જ રીતે જે એમએસએમઈ એકમો બંધ કે માંદા હતા તેમને પણ બેઠા કરવા માટે કેન્દ્ર સરકારે ખાસ ધિરાણ આપવાની જોગવાઈ કરી છે. એટલે એવા એકમો પણ પુનઃ કાર્યાન્વિત થશે, જેના લીધે પણ વધુ રોજગારીનું સર્જન થશે. આ ઉપરાંત અમુક એકમો એવા પણ હતા કે જે ને બિલકુલ ધિરાણ મળતું ન હતું. તેને પણ પ્રોત્સાહન આપવા આ પેકેજમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આવા એકમોને પણ ૫૦ હજાર કરોડનું ધિરાણ કેન્દ્ર સરકાર દ્વારા કરાશે.

મંત્રીશ્રી પટેલે રૂ.૨૦૦ કરોડના ટેન્ડરમાં ગ્લોબલ કંપનીઓ ભાગ નહીં લઈ શકે તે સંદર્ભે સ્પષ્ટતા કરી છે કે, ગ્લોબલ ટેન્ડર જ્યારે થતું હતું ત્યારે એમ.એસ.એમ.ઈ કંપનીઓ તેમાં ભાગ લઈ શકતી ન હતી. હવે રૂ.૨૦૦ કરોડનું સરકારી ટેન્ડર હશે તો પણ નવા સુધારાઓ મુજબ એમ.એસ.એમ.ઈ કંપનીઓ ભાગ લઈ શકશે. આ સુધારાઓ થકી હવે સ્થાનીય એજન્સીઓ જે ટેન્ડરિંગ પ્રક્રિયામાં ભાગ લઈ શકતી ન હતી તે ભાગ લઈ શકશે અને સ્થાનીય એજન્સીઓને વિશેષ લાભ થશે. શ્રી પટેલે આ પેકેજને 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા'ની દિશાને સમર્થન આપતું નક્કર કદમ ગણાવ્યું છે.

હવે નોકરીની ચિંતા છોડો

સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.

એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના + ૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.

કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અદ્યતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

ગુજરાત ગૌરવ દિન નિમિત્તે યોજાયેલી

# ચિત્ર, નિબંધ અને કાવ્યલેખન સ્પર્ધા માટે પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી કુલ ૨,૦૯,૨૭૯ કૃતિઓ મળી

- લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓએ ગુજરાત ગૌરવ દિનની કરેલી ઉત્સાહભેર ઉજવણી માટે મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા
- દરેક સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂ.૧૫,૦૦૦, બીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ.૧૧,૦૦૦ અને ત્રીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ. ૫,૦૦૦નું પારિતોષિક આપવામાં આવશે

રાજ્ય સરકાર દ્વારા તા.૧લી મે ૨૦૨૦ના રોજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ગુજરાત ગૌરવ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને કાવ્ય લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ગુજરાતની તમામ પ્રકારની શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભાગ લેવા અપીલ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ પોતે જે જિલ્લામાં અભ્યાસ કરતાં હોય તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નિયત કરેલ ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપવાની હતી.

૧૦મી મે સુધી યોજાયેલી આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં ચિત્રસ્પર્ધાની ૭૦૪૬૪, નિબંધ સ્પર્ધાની ૩૮૦૩૭ અને કાવ્ય લેખનની ૧૫૭૩૩ મળીને કુલ ૧,૨૪,૫૩૪ કૃતિઓ મળી છે. જ્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ચિત્ર સ્પર્ધાની ૪૨૦૯૦ , નિબંધ સ્પર્ધાની ૩૧૭૪૧ અને કાવ્ય લેખનની ૧૦૯૧૪ મળીને કુલ ૮૪૭૪૫ કૃતિઓ પ્રાપ્ત થયેલ છે. આમ, પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી કુલ ૨,૦૯,૨૭૯ જેટલી કૃતિઓ પ્રાપ્ત થયેલ છે. આ કૃતિઓની જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મારફતે ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.

બંને વિભાગોમાં જિલ્લા કક્ષાએ દરેક સ્પર્ધામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂ.૧૫,૦૦૦, બીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ.૧૧,૦૦૦ અને ત્રીજા નંબરે આવનાર વિદ્યાર્થીને રૂ. ૫,૦૦૦નું પારિતોષિક આપવામાં આવશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓએ ગુજરાત ગૌરવ દિનની કરેલી ઉત્સાહભેર ઉજવણી માટે શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓને વિશાળ સંખ્યામાં ભાગ લેવા બદલ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા છે. માત્ર સ્પર્ધા જ નહી પરંતુ તમામ ક્ષેત્રે ગુજરાતના ગૌરવને વધારવા તમામ ગુજરાતીઓ પોતાનો સાથ અને સહકાર આપે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

જ્ઞાનવૃદ્ધિ
જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો
તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info

# 'સેવા માટે તો હું હોમગાર્ડમાં ભરતી થઇ છું અને આવા કપરા સમયમાં સેવા ન આપું તો કેમ ચાલે?

ગાંધીનગર, ૧૩ મે

'સેવા કરવા માટે જ તો હોમગાર્ડમાં ભરતી થઈ છું. અને આજે આવા કપરા સમયમાં જો મારી ફરજ ન બજાવું તો કેમ ચાલે?' કોરોનાની મહામારીની સામે લાખો-કરોડો કોરોના વૉરિયર્સ પોતાની ફરજ પ્રામાણિકતાપૂર્વક નિભાવી રહ્યા છે, ત્યારે આજે વાત કરીએ, કેન્સર જેવી ગંભીર બીમારી સાથે પાલનપુરમાં મહિલા હોમગાર્ડ તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતાં કોરોના વૉરિયર શ્રીમતિ જમનાબેન પરમારની.

વર્ષ-૧૯૯૮માં પાલનપુર ખાતે હોમગાર્ડમાં જોડાયેલાં શ્રીમતિ જમનાબેન રમેશભાઈ પરમાર શહેરનાં વિવિધ સ્થળે પોતાની ફરજ નિભાવી ચૂક્યાં છે અને આ ૨૨ વર્ષમાં તેમણે અનેક સારી-નરસી અનેક પરિસ્થિતિઓનો સામનો પણ કર્યો છે, પરંતુ આ વખતે તેમની આ લડાઈ બેવડી છે! એક તો, આ કપરી પરિસ્થિતિઓમાં કોરોના વૉરિયર તરીકેની અને બીજી લડાઈ છે, પોતાની જાત સાથેની!

જી હા, જમનાબેનને અંડાશયના કેન્સરની ગંભીર બીમારી છે. જેના માટે તેઓ દોઢ વર્ષ પહેલાં અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ત્રણ ઑપરેશન કરાવી ચૂક્યાં છે અને હાલ પણ તેમની દવા ચાલે છે. આમ છતાં, તેઓ સમાજસેવાની જે ભાવના સાથે ગૃહરક્ષક દળમાં જોડાયાં હતાં, એ ફરજના ભાગરૂપે પાલનપુર શહેરમાં હોમગાર્ડ તરીકે સેવા આપી રહ્યાં છે. હાલ તેઓ પાલનપુરના ગઠામણ ગેટ પોઈન્ટ પર તૈનાત છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વ આ મહામારી સાથે ઝીંક ઝીલી રહ્યું છે અને હજારો-લાખો કોરોના વૉરિયર્સ એક યા બીજી રીતે એકબીજાં માટે પ્રેરણા અને જુસ્સો પૂરાં પાડી રહ્યા છે, ત્યારે જમનાબેન પણ પોતાની બીમારીની પરવા કર્યા વગર કોરોના સામેના જંગમાં ઝૂકાવીને અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યાં છે. તેમની આ હિંમત, આ ખુમારી પ્રશંસનીય અને અનુકરણીય બની રહી છે.

આજે રાજ્ય સરકારના પ્રયાસો અને ફ્રન્ટલાઈન કોરોના વૉરિયર્સની મહેનત થકી કોરોના વાઈરસના સંક્રમણ પર અંકુશ મેળવવાના ઘણેઅંશે સફળતા મળી રહી છે. જેના પરિણામે અનેક દર્દીઓ સ્વસ્થ થઈને હોસ્પિટલથી રજા મેળવી ઘરે પરત ફરી રહ્યા છે. બીજી તરફ, એટલું જ મહત્ત્વ આ કોરોના વૉરિયર્સનું પણ છે, જેઓ ભર તડકામાં પણ લોકડાઉનનું પાલન કરાવે છે અને નાગરિકોને ઘરમાં રહેવા માટે સમજાવે છે. ત્યારે કોરોનાના સંક્રમણને અંકુશિત રાખવામાં જમનાબેન જેવા વૉરિયર્સનો પણ એટલો જ ફાળો છે, જેઓ પોતાના સ્વાસ્થ્ય અને જાતની પરવા કર્યા વિના આ લડાઈમાં જોડાયેલા છે. સલામ છે આવાં કોરોના વૉરિયર્સને..

**કેન્સરની ગંભીર બીમારી સાથે પણ પાલનપુરના જમનાબેન મહિલા હોમગાર્ડ તરીકે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવે છે**

મુખ્યમંત્રીશ્રીની મહત્વપૂર્ણ જાહેરાત

# કોવિડ-૧૯ કોરોના વાયરસની મહામારીની સ્થિતી બાદ રાજ્યમાં આર્થિક ગતિવિધિઓ-ઊદ્યોગ-વેપાર-ધંધા-રોજગાર સહિતના ક્ષેત્રોના પૂર્નનિર્માણ-પૂર્નગઠનની ભલામણો સૂચવવા ઉચ્ચસ્તરીય સમિતીની રચના

- વૈશ્વિક મહામારીના સંકટમાંથી બહાર આવી ઝડપભેર જનજીવન-આર્થિક ગતિવિધિઓ પૂર્વવત બનાવવાની નવી દિશા બતાવશે-ગુજરાત
- ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયા સમિતીના અધ્યક્ષ
- વિવિધ આર્થિક ક્ષેત્રોના ૬ તજજ્ઞોનો સભ્ય તરીકે સમાવેશ
- સમિતી સર્વગ્રાહી તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથેનો ભલામણ અહેવાલ એક મહિનામાં સરકારને સોંપશે

આ સમિતિના કાર્યક્ષેત્રો
★સેકટરલ-સબ સેકટરલ આર્થિક નુકશાનના અંદાજો મેળવી સેકટર સ્પેસીફીક પૂર્નનિર્માણની ભલામણો કરશે
★અંદાજપત્રની રાજકોષિય-ફિઝકલ-આર્થિક સ્થિતીની સમીક્ષા અને સુધારાત્મક પગલાં સૂચવશે
★રાજ્યમાં શ્રમિકોની સરળ ઉપલબ્ધિ વ્યવસ્થાઓ અંગે સૂચનો આપશે
★આર્થિક અને નાણાંકીય રીવાઈવલ માટેનો શોર્ટ ટર્મ-મીડીયમ ટર્મ અને લોંગ ટર્મ એકશન પ્લાન સૂચવશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ની સ્થિતી બાદ રાજ્યમાં આર્થિક પૂનનિર્માણ પગલાં અને રાજકોષિય-ફિઝકલ પૂનર્ગઠનની ભલામણો માટે એક ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સમિતીના અધ્યક્ષપદે ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાની નિમૂણંક કરી છે. ૬ સભ્યોની આ સમિતીમાં વિવિધ આર્થિક ક્ષેત્રના પ્રતિષ્ઠિત તજજ્ઞોનો પણ સમાવેશ કરાયો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સમિતીમાં IIM અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા, જાણીતા ટેક્ષ કન્સલટન્ટ શ્રી મૂકેશ પટેલ, ફાયનાન્સીયલ એકસપર્ટ શ્રી પ્રદિપ શાહ, પૂર્વ આઇ.એ.એસ. અધિકારી શ્રી કિરીટ શેલત અને સભ્ય સચિવ તરીકે ઇંન્ઢ્ઝના એમ.ડી. શ્રી એમ. થેન્નારસનની નિયુકતી કરી છે.

પ્રવર્તમાન કોરોના વાયરસ કોવિડ-૧૯ની આ વૈશ્વિક મહામારી સામે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં અન્ન સુરક્ષા, આરોગ્ય રક્ષા અને અન્ય ક્ષેત્રોમાં શ્રેણીબદ્ધ પ્રોત્સાહક પગલાંઓ લીધા છે.

ગુજરાત દેશના અર્થતંત્ર અને ઔદ્યોગિક ગતિવિધિનું એક મહત્વપૂર્ણ રાજ્ય તથા મેન્યૂફેકચરીંગ હબ છે ત્યારે કોવિડ-૧૯ની આ મહામારીને પરિણામે રાજ્યની એ ગતિવિધિઓને વ્યાપક અસર પહોંચી છે.

આ મહામારીના સંકટથી રાજ્યના અર્થતંત્રની ડિમાન્ડ અને સપ્લાય ચેઇનને પણ વિપરીત અસર પડી છે. એટલું જ નહિ, સ્જીસ્ઈ સેકટર સહિતના અન્ય ક્ષેત્રો પણ આ અસરનો ભોગ બનેલા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને તેમજ દેશના અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં રોજી-રોટી માટે વસેલા શ્રમિકો પણ તેમના વતનમાં પરત ગયા છે તે સ્થિતીને ધ્યાને લઈને અર્થતંત્રની આર્થિક ગતિવિધિઓની સુધારણા માટેની ભલામણો સુચવવા આ ઉચ્ચસ્તરિય સમિતી રચવાનો નિર્ણય કર્યો છે.

ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષસ્થાને રચાયેલી આ સમિતીએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે પોતાની ભલામણોનો અહેવાલ રાજ્ય સરકારને એક મહિનામાં આપવાનો રહેશે.

સમિતી આ અંગેનો વચગાળાનો અહેવાલ ઈન્ટરીમ રિપોર્ટ બે સપ્તાહમાં સરકારને સોંપશે.

આ ઉચ્ચસ્તરીય સમિતી રાજ્યમાં સેકટરલ-સબ સેકટરલ આર્થિક નુકશાનનો અભ્યાસ કરીને સેકટર સ્પેસીફિક પૂર્નગઠન માટેના ઉપાયો-સૂઝાવો આપશે.

સમિતીના અન્ય કાર્યક્ષેત્રોમાં જે બાબતોને આવરી લેવામાં આવી છે તેમાં રાજ્યની રાજકોષિય-ફિઝકલ અને અંદાજપત્રીય બજેટ સ્થિતીની સમીક્ષા અને તેના સુધારાત્મક પગલાંઓ સૂચવવાની બાબતનો પણ સમાવેશ કરાયો છે.

એટલું જ નહિ, કોવિડ-૧૯ મહામારી પછીની ઉદભવનારી સ્થિતીમાં રાજકોષિય ખાધ-ફિઝકલ ડેફિસીટ અંદાજો અને વર્તમાન કર માળખાની પણ પૂર્નવિચારણા તેમજ પૂર્નગઠનની બાબતે પણ આ સમિતી ભલામણો કરશે.

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે
તમે જોડાઓ અને તમારા મિત્રોને, સગાંસબંધીને આ વેબસાઈટમાં જોડો અને રેફરલ ઈન્કમ કમાઓ
www.rupiyakamao.com

GYAN VRUDHI, DATE : 14-MAY-2020, THURSDAY, YEAR : 4, VOLUME : 1, ISSUE : 123, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.